ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૧૨-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

એકસો ત્રીસમા વર્ષે કોંગ્રેસ કરૂણ દુર્દશામાં

સને ૧૮૮૫ના ડિસેમ્બરની ૨૮મી તારેખે એલન ઓક્ટેવિયો હ્યૂમ નામના ભારતપ્રેમી અંગ્રેજ દ્વારા સ્થપાયેલી ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ એની ઉંમરની સવા શતાબ્દી વટાવીને એકસો ત્રીસમા વર્ષમાં પ્રવેશી છે. ભારતના ગામે ગામમાં મૂળિયાં ધરાવતી આ રાષ્ટ્રીય ચળવળનો ભવ્ય ઈતિહાસ ધરાવતી રાજકીય સંસ્થાના સ્થાપકને કદાચ સ્વપ્ને પણ કલ્પના નહોતી કે એક દિવસ એક અંગ્રેજ દ્વારા સ્થપાયેલી સંસ્થા ભારતમાંથી અંગ્રેજી સરકારને જ ઉખાડી ફેંકશે. આઝાદીની ચળવળ પૂર્વે કોંગ્રેસ એ પ્રબુદ્ધ હિંદીઓ દ્વારા બ્રિટિશ રાજ સાથે ચર્ચા વિચારણા કરી હિંદી પ્રજાને વધુ સુખ સુવિધા આપવા માટેનો મંચ હતો. સુરેન્દ્રનાથ બેનરજીથી લઈ દાદાભાઈ નવરોજી કે વિઠ્ઠલભી પટેલ સુધીના મહાન ભારતીય નેતાઓએ કોંગ્રેસનો બ્રિટિશ સત્તાધીશો સાથે રહી દેશી પ્રજાના હિતમાં નિર્ણયો લેવામાટેના માધ્યમ કે સંગઠન તરીકે જ ઉપયોગ કર્યો હતો. કોંગ્રેસને વધુ વેગ મળ્યો મહાત્મા ગાંધીના નેતૃત્વ થકી. એ પૂર્વે લોકમાન્ય ટિળક અને ગોપાળકૃષ્ણ ગોખલે જેવા નેતાઓ દ્વારા શરૂ થયેલી સ્વાતંત્ર્ય ચળવળમાં કોંગ્રેસ બે જૂથોમાં વહેંચાઈ ગઈ હતી. ટિળકે 'કેસરી' અને 'મરાઠા' જેવાં સામાયિકોમાં સ્વતંત્રતા મારો જન્મસિદ્ધ હક છે, જેવું વિધાન કરી અંગ્રેજ સરકારને ભડકાવી મૂકી હતી તો સામે ગોખલે સૌજન્યશીલ મવાળ અભિગમ સાથે ભારતની સ્વતંત્રતાની વકીલાત કરતા હતા. ગાંધીજીએ ગોખલેને એમના રાજકીય ગુરુ બનાવીને આઝાદીની ચળવળમાં ઝંપલાવ્યું હતું પરંતુ દક્ષિણ આફ્રિકામાં રંગભેદ નીતિ સામે અપનાવેલું સત્યાગ્રહનું શસ્ત્ર અહીં પણ જબ્બર કારગત નીવડ્યું હતું. ૧૮૫૭ના સશસ્ત્ર વિપ્લવને ક્રૂરતાપૂર્વક કડક હાથે દાબી દેનાર અંગ્રેજ રાજ સાબરમતીના સંતને ડરાવી કે દબાવી શકી નહોતી. ૧૯૩૦ના માર્ચની બારમી તારીખે ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કરવા દાંડીકૂચ આદરી એ પછી સ્વાતંત્ર્ય સંગ્રામે દેશભરમાં ઝંઝાવાતની જેમ ઉગ્ર સ્વરૂપ પકડ્યું હતું. ૧૯૪૨માં ગાંધીજીએ મુંબઈ ખાતે ગોવાલિયા ટેંક-ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં 'કરેંગે યા મરેંગે' નો કોલ આપ્યો અને બીજી તરફ પંડિત જવાહરલાલ નહેરુ, સરદારપટેલ, સુભાષચંદ્ર બોઝ તથા ડો. રાજેન્દ્રપ્રસાદ અને સી. રાજગોપાલચારી (રાજાજી) જેવા સમર્થ નેતાઓએ પોતપોતાની રીતે દેશ આખામાં આઝાદીનો ઝંઝાવાત ખડો કરી દીધો હતો. આખરે અંગ્રેજને જવું તો પડયું પરંતુ દેશના ભાગલા કરાવીને એણે પૂરેપૂરું વેર વાળ્યું. એવી કારમી સ્થિતિમાં પંડિત નહેરુ અને સરદાર પટેલની જુગલજોડીએ દેશનું સુકાન સંભાળ્યું તે પછી કોંગ્રેસના કાંગરા છેક જયપ્રકાશ નારાયણ, મોરારજી દેસાઈ, ચૌધરી ચરણસિંહના નેતૃત્વ હેઠળ આરંભાયેલા જનતા પાર્ટીના આંદોલન થકી જ ખેરવી શકાયા હતા. નહેરુ યુગ એ કોંગ્રેસનો સુવર્ણ કાળ હતો એમ ઇન્દિરા શાસન કોંગ્રેસના અધ:પતનનો સમયગાળો હતો. ઇન્દિરાજીને કટોકટી લાદવાનો નિર્ણય ઘણો ભારે પડી ગયો હતો. નહેરુના સાચા વારસદાર ગણાતા ગાંધીવાદી ગુજરાતી નેતા મોરારજી દેસાઇ જેવા ચુસ્ત કોંગ્રેસીના નેતૃત્વ હેઠળ પહેલી બિનકોંગ્રેસી સરકાર રચાઇ હતી જે માત્ર અઢી વરસ ચાલી હતી. ઇન્દિરાજીને ફરી પાછાં 'નઇ રોશની' લાવનારાં દેવી સમજીને પ્રજાએ હોંશે હોંશે સત્તા સ્થાને બેસાડ્યાં હતાં પરંતુ એ સમયગાળામાં ઠેર ઠેર પ્રાદેશિક પરિબળોએ કાહું કાઢ્યું હતું. ઇન્દિરાની હત્યા પછી રાજીવ ગાંધીને સહાનુભૂતિનો લાભ જરૂર મળ્યો, પણ એમને બોફોર્સ નડ્યું અને કોંગ્રેસને જાણે ભ્રષ્ટાચારનો ભોરિંગ ડસી ગયો હોય એમ એનું સતત શતમુખ પતન થતું ચાલ્યું. નરસિંહરાવે કુનેહપૂર્વક પાંચ વર્ષ લઘુમતી સરકાર ચલાવી અને ડો. મનમોહનસિંહને 'યુપીએ' સરકાર ચલાવવાનું શ્રેય સાંપડ્યું. પરંતુ વચ્ચે ભાજપના નેતૃત્વ હેઠળ એનડીએની અટલ બિહારી વાજપેયી સરકાર આવી અને ફરી પાછી આજે પૂર્ણ બહુમતીવાળી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર કેન્દ્રમાં બિરાજેલ છે કોંગ્રેસ એના એકસો ત્રીસ વર્ષના આયુષ્યમાં આજે સૌથી વધુ દયનીય સ્થિતિમાં છે. એણે કેન્દ્ર તો ગુમાવ્યું જ, સાથે રાજયો પણ ધીરે ધીરે એના કબજામાંથી સરકી રહ્યાં છે. સોનિયા ગાંધીની કરિશ્માને કારણે ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠી થઇ ગયેલી કોંગ્રેસ હવે વધુ કરિશ્માઇ નેતૃત્વની તલાશમાં છે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનો ચોથો ઓલમ્પિક ડે ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આવેલ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તા. ૨૬ અને ૨૭ ડિસેમ્બર દરમિયાન ચતુર્થ ઓલમ્પિક ડે તેમજ ફનફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓલમ્પિક ડેનું ઉદઘાટન ગાંધીનગરના ડેપ્યુટી કમિશનર ઓફ ઈન્કમટેક્ષ જીગરભાઈ રાવલના હસ્તે કરવામાં આવ્યું હતું.

શુક્રવારે યોજાયેલ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે ગાંધીનગરના જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ અને સે-૧૬ પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર મીનાક્ષીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જયારે બીજા દિવસે શનિવારે યોજાયેલ કાર્યક્રમમાં રાજયસભાના સાંસદ મનસુખભાઈ માંડવીયા મુખ્ય મહેમાન પદે અને ખંભાતના ધારાસભ્ય સંજયભાઈ પટેલ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં પ્રસ્તુત કરાયેલ જીમ્નેશિયમ, યોગ, મલખમ, રોપાસન, વગેરેએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના તેજસ્વી તારલાઓનું સન્માન કરયું હતું અને યોજાયેલ રમત ગમતની પ્રવૃત્તિઓમાં વિજેતા ખેલાડીઓને ટ્રોફી, મેડલ્સ અને પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતાં.

આ બંને દિવસના કાર્યક્રમમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી બાબુભાઈ, ડીરેકટર આર.આર. પટેલ, ડી.બી. પટેલ, નયન ત્રિવેદી, સંજયભાઈ સુખડીયા તેમજ મૌલિનભાઈ ત્રિવેદી, આચાર્ય ચતુરભાઈ પટેલ અને શૈક્ષણિક કો ઓર્ડિનેટર ચીમનભાઈ પટેલ સહિત કર્મચારી ગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વાલીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતાં.

'સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત'ના મંત્રને સાર્થક કરવા હોમિયોથિક સક્ષમ પીઠબળ પૂરું પાડશે

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું છે કે, હોમિયોપેથિક સારવાર પધ્ધતિ અત્યંત અસરકારક સારવાર પધ્ધતિ છે. આ સારવાર પધ્ધતિમાં રોગને જડમૂળથી નાબૂદ કરવાની ક્ષમતા છે ત્યારે તેનો પ્રચાર-પ્રસાર વધુને વધુ પ્રમાણમાં થાય અને છેવાડાના લોકો સુધી પહોંચે તે ખૂબ જરૂરી છે.

અમદાવાદ ખાતે યોજાયેલી ૧૯મી ઓલ ઈન્ડિયા હોમિયોપેથિક બેદિવસની કોન્ફરન્સનુંસમાપન કરતાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું કે, આપણા પૂર્વજોએ તેમના અનુભવોને લઈ અપનાવેલી ઘરગથ્થુ ઉપચાર પધ્ધતિઓ આજે પણ અસરકારક પુરવાર થઈ છે તેની સાથે ભારતીય સંસ્કૃતિની આયુર્વેદ ચિકિત્સાએ વિશ્વમાં નામના અપાવી છે તેમ હોમિયોપેથિક સારવાર પધ્ધતિ પણ એટલી જ પરિણામલક્ષી પુરવાર થઈ છે.

ગુજરાતમાં આ ઉપચાર પધ્ધતિના પ્રસાર માટે કરાયેલી કામગીરીનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આજે રાજયભરની સિવિલ હોસ્પિટલોમાં હોમિયોપેથિક દવાઓ અપાય છે. સાથોસાથ ગ્રામ્યક્ષેત્રે આંગણવાડી કેન્દ્રોમાં પણ કુપોષિત બાળકો-કિશોરી તથા પ્રસુતા મહિલાઓને હોમિયોપેથિક દવાઓ અપાય છે એટલું જ નહિ ગુજરાતમાં દરેક તાલુકા અને જિલ્લા કક્ષાએ આયુર્વેદિક હોસ્પિટલો શરૂ કરાશે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં કુપોષિત બાળકો-કિશોરીઓ તેમજ મહિલાઓ માટે કરવામાં આવતી કામગીરીની વિસ્તૃત વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગરીબી રેખા હેઠળ તેમજ ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોને મોં વાત્સલ્ય કાર્ડ દ્વારા ખાનગી હોસ્પિટલોમાં સારવાર મળી છે. સાથોસાથ બાંધકામ ક્ષેત્રે કામ કરતા અસંગઠિત શ્રમિકાને આરોગ્ય, શિક્ષણ, સુરક્ષા મળી રહે તે માટે રજિસ્ટ્રેશન હાથ ધરી સમાજના છેવાડાના આ વર્ગ સુધી પહોંચવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે તેમ તેમણે જણાવ્યું હતું.

કડવા અને લેઉવા પરિવારોનાં સંયુકત ઉપકમે લવ-કુશ મહાસંમેલન યોજાયું

અમદાવાદ, તા.૨૮

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પાટીદાર સમાજ પોતાની વાડાબંધી તોડી કડવા અને લેઉવાનાં ભેદમાંથી બહાર આવી, એક બની, રાજય અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યથાયોગ્ય યોગદાન આપે તે માટે હાકલ કરી છે.

શ્રી પાટીદાર પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત એકાત્મક પર્વ-લવ-કુશ મહાસંમેલનને દીપ પ્રાગટય દ્વારા ખુલ્લું મૂકતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, એક પાટીદારની દીકરી તરીકે શ્રી પાટીદાર પરિવાર ટ્રસ્ટ દ્વારા નારી રત્ન એવોર્ડથી મારું સન્માન કરાયું તે મારા માટે ધન્ય ક્ષણો પૈકીની એક છે અને આ મારા માટે ગૌરવની ઘટના છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સમાજમાં પ્રવર્તમાન કુરિવાજો-બદીઓને દૂર કરી સમાજમાં પ્રકાશ રેલાવવાનું કાર્ય કરવામાં પાટીદાર સમાજ અગ્રેસર રહ્યો છે.

શિક્ષણ સંસ્થાઓનાં નિર્માણ તથા સમાજ ઘડતર માટે શાળા સંકુલોના નિર્માણ તથા સમાજ સેવા માટે નેતૃત્વ લેનારા બળદેવભાઈ ડોસાભાઈ, છગનભાઈ, ભૂરાભાઈ ખોડીદાસ પટેલ જેવા સમાજ શ્રેષ્ઠીઓના પ્રદાનને યાદ કરી, મુખ્યમંત્રીશ્રીએ આવા સમાજ શ્રેષ્ઠીઓના ગુણો જીવનમાં આત્મસાત કરવા માટે સમાજના આગેવાનોને આહ્વાન કર્યું હતું.

ગુજરાતનો પાટીદાર સમાજ મુખ્યત્વે ખેતી પર નિર્ભર છે અને છેલ્લા કેટલાક સમયથી ભૂમાફિયાઓ દ્વારા જમીનની લેતી-દેતીમાં થતી ઘાલમેલને અટકાવવા માટે રાજય સરકારે લાલ આંખ કરીને, દસ્તાવેજોને વધુ સુરક્ષિત કરવાના અને છેતરપિંડી અટકાવવાના પ્રયાસો કરી સામાન્ય ખેડૂતને ન્યાય અપાવ્યો છે.

શ્રી પાટીદાર પરિવાર ટ્રસ્ટ દ્વારા પાટીદાર એકાત્મ પર્વની ઉજવણી

હરિની દૃષ્ટિ...

તમને વિદેશી મહેમાનની સરભરા કરવાની ફરજ આપવામાં આવે છે.. તેમને ન અનુકુળ લાગે તો રૂમ પરિવર્તન કરી આપવો... પરંતુ ધર્મ પરિવર્તન કરવા કહે તો ચોકખી ના પાડવી...!!

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સે-૭માં આવેલ જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય દ્વારા તા. ૨૪મી ડિસેમ્બરે ધો-૯ અને ધો-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે શૈક્ષણિક પ્રયાસનું આયોજન કર્યું હતું. આ પ્રવાસમાં કુલ ૧૫૯ વિદ્યાર્થીનીઓ તથા ૧૦ શિક્ષિકા બહેનોએ કાંકરિયાની મુલાકાત લીધી હતી.

આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કાંકરિયા ખાતે પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી હતી તેમજ અટલ એકસપ્રેસની મુસાફરીનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ આ વિદ્યાર્થીનીઓએ સાયન્સ સીટીની પણ મુલાકાત લીધી હતી. જયાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત શાસ્ત્ર, ભૂસ્તર શાસ્ત્ર, અવકાશક્ષેત્ર જેવા વિષયોને લગતા પ્રયોગોનું નિદર્શન માણ્યું હતું. તેમજ મ્યુઝિકલ ફાઉન્ટેન નિહાળ્યાં હતાં.

ગાયત્રી શકિત પીઠ ખાતે ૧ લી જાન્યુઆરીથી નિ:શુલ્ક યોગ-ધ્યાન શિબિર

ગાંધીનગર તા.૨૮

ગાંધીનગરના દિવ્ય જીવન સંઘ દ્વારા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપકમે તા.૧ થી ૧૦ જાન્યુઆરી દરમ્યાન નિ:શુલ્ક યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર સે-૧માં ગાયત્રી શકિતપીઠ ખાતે દરરોજ સવારે ૭ થી ૮:૧૫ વાગ્યા દરમ્યાન યોજાશે. આ શિબિરમાં યોગાસન, પ્રાણાયમ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન, વિવિધ બિમારીઓ ઉપચાર અને તેને રોકવા માટેના આસનો-પ્રાણાયમો ઉપરાંત શારિરીક-માનસિક આરોગ્ય જાળવણી અંગેનું પ્રશિક્ષણ આપવામાં આવશે.



માટીમાં રમતા બાળકો જોઈ ફરી વખત બચપન યાદ આવી જાય.
(તસવીર : કશ્યપ નિમાવત)

ઊભા થયેલા વિવાદોને સંવાદોથી ટાળી શકાય છે, એટલે કે વિવાદોનું નિરાકારણ સંવાદોને આધારે લાવી શકાય છે

મહિલા સમાજ અને કાયદા

અંક-૭૪

- ડો. ભાવના કે. જોશીપુરા

ગત અંકમાં રસીલાની વાત આપણે જોઈ. અમેરિકામાં પતિ ઘરમાં પુરીને નોકરીએ જતો રહે તો જે તે દિકરીને સાદી કેદની સજા જેવું જ લાગે છે તે હકીકત છે. રસીલાના કેસમાં આગળ જોઈએ તો,

રસીલા કોઈ વ્યવહારિક પ્રસંગ સંદર્ભે જ અમેરિકામાં જ પોતાના મામાના ઘરે જાય છે અને મામા સમક્ષ પોતાની બધી જ સમસ્યાઓ રજુ કરે છે. રસીલાનો પતિ લગ્નવિષયક સમસ્યા સંદર્ભે મામાના ઘરે મળવા પણ આવતો નથી અને આ તમામ સંજોગોમાં રસીલાના મામા રસીલાને ભારત મોકલી આપવા સંદર્ભે ટીકીટની વ્યવસ્થા કરે છે.

રસીલા ભારતમાં પાછી આવીને પોતે જયાં રહેતી હોય તે શહેરની હકુમતવાળી કોર્ટમાં પોતાનો કેસ દાખલ કરે છે. અહીં મારે વાચક મિત્રોને જણાવવું છે કે જે બહેનો ભારતમાંથી લગ્ન કરીને પરદેશ જતી હોય તેઓની પાસે વિશેષ રીતે કેટલીક માહિતીઓ રાખવી આવશ્યક છે. જેમ કે, જે દેશમાં જતા હોય તે દેશમાં સ્થાનિક ભારતીય મંડળો કે સંસ્થા હોય તેની માહિતીઓ રાખવી જોઈએ. ઉપરાંત તે દેશમાં રહેતા ભારતીય નાગરીકો અને તેમાં પણ વિશેષ કરીને મિત્રો અને સગાસંબંધીઓની યાદી અને ફોન નંબર સાથે રાખવા આવશ્યક છે.

જયારે કોઈ વિકટ પરિસ્થિતિ ઉભી થાય ત્યારે જે દિકરી ભારતમાંથી લગ્ન કરીને પરદેશ ગઈ છે તેણીને કદાચ જે તે દેશની માહિતી એટલે કે કાયદા સંદર્ભેની માહિતી વગેરે બાબતો એ આવી બધી સંસ્થા મારફત પ્રાપ્ત કરી શકાય છે. ખાસ કરીને વિદેશમાં આવેલી ભારતીય એલચી કચેરીનું જે તે દેશનું સરનામું તેમજ ભારતીય એલચી કચેરીઓમાં સમસ્યાના સંદર્ભમાં કામ કરતા અધિકારીઓ અને મહિલાઓના અધિકારોના વિષયમાં કામ કરતા બિનસરકારી સંગઠનોના સરનામાની માહિતી પણ આવશ્યક છે. જો વાચકોને આ પ્રકારની માહિતી જાણવી હોય તો તે સંદર્ભે પણ આખી પુસ્તીકા આપણા ગુજરાત રાજયના ગુજરાત રાજય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનો દ્વારા બહાર પાડેલ છે.

લગ્ન વિષય સમસ્યામાં કોઈ વ્યકિત ભારતમાં હોય કે ભારત બહાર હોય પરંતુ અગત્યની વાત એ છે કે આપણે જે દેશમાં રહયા હોય તે દેશના કાયદા સંદર્ભે સામાન્ય જાણકારી રાખવી આવશ્યક છે. આપણે અગાઉના અંકોમાં મફત કાનુની સલાહ અને સહાય વિશે અનેકવાર ચર્ચા કરી છે. આપણા દેશમાં સર્વોચ્ચ અદાલતથી લઈ તાલુકા કોર્ટ સુધીમાં કાયદાને સ્પર્શતી બાબતમાં સ્ત્રીઓને મફત કાનુની માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે. દરેક કોર્ટમાં મીડીએશન સેન્ટર એટલે કે મધ્યસ્થીથી તકરારનું નિવારણ લાવવા માટેના કેન્દ્રો કાર્યરત છે. કોર્ટમાં ગયા પહેલા લગ્ન વિષયક તકરારના નિવારણ માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા કંટુંબ સલાહ કેન્દ્ર ચલાવવામાં આવે છે. ખાસ કરીને તાત્કાલીક રીતે ભયમાં આવી પડેલી સ્ત્રીઓને ત્વરીત રાહત માટે સમાજ સુરક્ષા વિભાગ અંતર્ગત રક્ષણ અધિકારી કાર્યરત છે અને સમાજસેવી સંસ્થાઓ સર્વિસ પ્રોવાઈડર તરીકે સેવ પુરી પાડે છે. જેમ આપણા દેશમાં આ પ્રમાણે વિવિધ રીતે મહિલાઓને લગ્ન વિષયક સમસ્યા સંદર્ભે સેવા અલગ-અલગ રીતે સેવા પ્રાપ્ત છે તે જ રીતે દરેક દેશમાં અલગ-અલગ જોગવાઈઓ છે.

જે દેશમાં રહેતા હોય તે દેશમાં કામ કરતા સરકારી અને બિનસરકારી સંગઠનો કે જેવો ખાસ કરીને મહિલાઓને સેવા પુરી પાડતા હોય છે તે બાબતની માહિતી પ્રાપ્ત કરી લેવી જોઈએ. એવા અનેક કિસ્સાઓ જોયા છે કે જેમાં દિકરીને અમેરિકામાં પ્રશ્ન ઉભો થયો હોય અને તેણીએ સંસ્થા મારફત પોતાના પ્રશ્નોનો નિકાલ લાવવા પ્રયત્ન કર્યો હોય. અનિતાની જો વાત કરીએ તો,

અનિતા ખુબ જ સાધન સંપન્ન દિકરી છે. ઉચ્ચ ડીગ્રી મેળવીને કોઈ મોટી કંપનીમાં ભારતમાં નોકરી કરે છે. અમેરીકામાં રહેતા અનિલ સાથે તેણીના લગ્ન નકકી થાય છે. અનિતા લગ્ન કરીને અમેરિકામાં પોતાના પતિ સાથે રહેવા પહોંચી જાય છે. પતિ અને પત્નિ બંને નોકરી કરે છે. પતિ અને પત્નિ બંને એકલા રહેતા હોવા છતાં બંને એકબીજા સાથે સારી રીતે રહી શકતા નથી. આ માત્ર અનિતા કે અનિલનો પ્રશ્ન નથી પરંતુ અનેક કેસોમાં એવુ જોવા મળે છે કે પતિ અને પત્નિ એકલા રહેતા હોવા છતાં પણ ખુબ પ્રશ્નો એકબીજા સાથે ઉભા થતા હોય છે. આવા પ્રશ્નો સંદર્ભમાં જોઈએ તો ખરેખર તો પતિ અને પત્નિ બંને એકબીજા સાથે મુકત મને પોતાના પ્રશ્નોના સંદર્ભમાં વાતચીત કરવી જોઈએ.

પતિ હોય કે પત્નિ હોય તે બંને વચ્ચે જે બાબતને લઈને તકરાર થતી હોય તે બાબત અથવા તો તેવા પ્રસંગો અથવા તો તેવી ઘટનાઓ સંદર્ભમાં બંનેએ શાંત મને વિચાર કરવો જોઈએ. જો કોઈ વ્યકિત એટલા બધા વિચાર કરવાની ટેવ વાળી ન હોય તો તેઓએ લેખિત યાદી તૈયાર કરવી જોઈએ. પ્રથમ તો પતિ અને પત્નિએ પોતે જ જાતે, સામસામે બેસીને ઉભા થતા પ્રશ્નો સંદર્ભે મુકત મને અરસપરસ વાતચીત કરીને, સંવાદો કરીને એકબીજાને સમજવાની કોશીષ કરવી જોઈએ. ઉભા થયેલા વિવાદોએ સંવાદોથી ટાળી શકાય છે. એટલે કે વિવાદોનું નિરાકરણ સંવાદોને આધારે લાવી શકાય છે. ઘણા બધા કેસોમાં એવું લાગે કે પતિ કે પત્નિએ એકબીજા સાથે મુકત મને ચર્ચા કરવા માટે અથવા તો એકબીજાને સમજવા માટે કોઈ કોશીષ જ કરી નથી. સમયનો અભાવ અને જીંદગીની હાડમારી આ બાબતે ખૂબ મોટી અસર કરે છે. પતિ અને પત્નિ બંનેને પોતાના એવા પ્રકારના મિત્રો હોય કે જેવો તટસ્થ રીતે વિચાર કરી શકતા હોય. માત્ર મિત્રો જ નહિ દરેક કુટુંબમાં કોઈને કોઈ સભ્યતો એવો હોય જ કે કુટુંબની વ્યકિતને સાંભળીને તટસ્થ રીતે અભિપ્રાય આપી શકે.

આપણા મિત્રો, આપણા વડીલો, આપણા સંબંધીઓ, આ પ્રકારની વ્યકિતઓ હોય છે પરંતુ આપણી જાતે જ મનને સંકુચિત વિચારધારામાં બાંધી દીધુ હોય છે. આપણે જાતે આ બધી બાબતનો વિચાર કરી શકતા નથી. કેટલીક વાર તો સારા અને સાચા મિત્રો અને લાગણીસભર કુટુંબીઓની વિરુધ્ધની માન્યતા જડ રીતે અપનાવી લેતા હોય છીએ. આ તમામ સંજોગોમાં શાંત ચિતે પોતાની વિચાર કરવો એ અતિ આવશ્યક બાબત છે. જો કોઈ વ્યકિતને પોતાની આજુબાજુ તટસ્થ અભિપ્રાય આપી શકે તેવી વ્યકિત જોવા ન મળે તો કાઉન્સેલીંગ સેન્ટરના કાઉન્સેલરનો સંપર્ક સાધવો જોઈએ. આજના યુગમાં તો માત્ર સરકારી કાઉન્સેલીંગ સેન્ટરો ચાલે છે એવું નથી. લગ્નવિષયક સમસ્યાના સંદર્ભમાં વ્યકિતગત રીતે પણ કાઉન્સીલરો કામ કરે છે. ખાસ કરીને કોઈપણ કુટુંબમાં સંવાદિતા જળવાઈ રહે તે સંદર્ભે સરકારી રાહે તેમજ બિનસરકારી રાહે સંસ્થાઓ કામ કરી રહી છે. અને તેથી જ આપણે જે દેશમાં રહેતા હોયએ તે દેશની સરકારી અને બિનસરકારી સંસ્થા વિશે જાણવું આવશ્યક છે.

અનિતા અને અનિલની વાત વિદેશી એલચી કચેરીઓના નામ, સરનામાં સાથે મળીએ આવતા અંકે...